નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

શહેરમાં ઠંડીની જમાવટ : પારો ૧૩ ડિગ્રી

માઠી અસર - ભારત સરકાર દ્વારા મંગળવારની રાત્રે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ કરાતા બુધવારે શહેરના બજારોમાં માઠી અસર વર્તાતી હતી. અચાનક ચલણમાંથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ થતાં ગ્રાહકો અને વેપારીઓ હાલાકીમાં મુકાયા હતા... શહેરના શાકભાજીના બજારો, કરિયાણા, કટલરી, અને જનરલ સ્ટોર્સ અને હોટલોમાં પણ ઘરાકી પર માઠી અસર વર્તાતી હતી... છૂટા નાણા માટે ઠેર ઠેર વિવાદો સર્જાતા હતા... ૧૦૦ રૂપિયાની નોટની અછત સ્પષ્ટ દેખાતી હતી... હજુ શહેરના બજારો એકાદ અઠવાડિયા બાદ યથાવત થશે એમ વેપારી વર્તુળોનું માનવું છે....

ગાંધીનગર મનપાની હદમાં હવે ગણેશની બસો દોડશે

શરતો માટે કમિશનરને સત્તા આપવામાં આવી : પશુધન માટે લીલુ અને સુકુ ઘાસ ખરીદવામાં આવશે : શૌચાલયોની મરામત અને જાળવણી માટે પણ અલગ એજન્સી નિયત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે આંતરિક બસ સંચાલનની જવાબદારી ગણેશ નામની નવી એજન્સી સંભાળશે. જે અંગેની શરતો સાથે તેના સંચાલનનું યોગ્ય મોનીટરીંગ થાય તે જોવા આજે સ્થાયી સમિતિના સભ્યોએ વિશેષ આગ્રહ સાથે મ્યુનિ. કમિશનરને આ અંગેની સત્તા સોંપી છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે. સભ્યોએ સરક્યુલર રૂટ જે નિયત થયા છે તેના પર વાહન વ્યવહાર ચાલે તેનો વિશેષ આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં એક જ રાતમાં ૧૨ કરોડનુ સોનુ વેચાયુ

કાળાનાણાં પર સર્જીકલ સ્ટ્રાઈકથી ગોલ્ડન ફિવર છવાયો : ડોકટરો, બિલ્ડરો અને ઉચ્ચ અધિકારીઓ પણ રોકડનો થેલો પધરાવી સોનુ ઉઠાવ્યુ : સોની બજારના વેપારીઓએ પણ લગડી ટાળી મહદઅંશે ઘડાઈના દાગીના જ વેચાણથી આપ્યા : માત્ર ચાર કલાકમાં ૧૨ કરોડનો વેપાર થયો હોવાનો અંદાજ : ૫૦૦ અને ૧૦૦૦ ની નોટોનો નિકાલ કરવા ગોલ્ડ બજારને નિશાન બનાવાયુ : કાળાનાણાંના નિકાલ માટે સોનાનો ભાવ પણ આજે બ્લેક બોલાયો : બ્લેક બજારમાં સોનાની રૂ ૫૧ હજારના ભાવે લેવાલી હોવાની ચર્ચા

ગાંધીનગર તા ૯

કાળાનાણાં પરની સર્જીકલ સ્ટ્રાઈકના લીધે શહેરનુ ગાલ્ડ બજાર હોટ રહયુ હતુ. રૂ ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટોનો નિકાલ કરવા માટે ડોકટર અને બિલ્ડર લોબી સહીત કેટલાક મોટા અધિકારીઓ પણ સોના ચાંદીની ખરીદી માટે તુટી પડયા હતા. શહેરના સાનાચાંદીના બજારમાં મોડી રાત સુધી ખરીદીનો ધમધમાટ જોવા મળ્યો હતો. જયારે સોની બજારે પણ લગડી નુ વેચાણ ન કરી પરિસ્થિતિનો પુરતો ફાયદો ઉઠાવતા મોટાભાગે માત્ર ઘડાઈના દાગીના જ વેચાણથી આપ્યા હતા. બ્લેક મનીના નિકાલ માટેની આ તેજ ગતિવિધિઓમાં સોનાનુ પણ બ્લેક માર્કેટીંગ થયુ હતુ. બ્લેક બજારમાં સોનાનો ભાવ રૂ ૫૧ હજાર સુધી પહોંચી ગયો હતો. શહેરમાં રાત્રિના ૧૨ વાગ્યા સુધી સોના ચાંદીનો વેપાર ગરમ રહયો હતો. માત્ર ચાર કલાકમાં રૂ ૧૨ કરોડના સોના ચાંદીનો વેપાર થયો હોવાનો પણ અંદાજ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રૂ ૫૦૦ અને ૧૦૦૦ હજારની ચલણી નોટો તાત્કાલિક ધોરણે રદ કરવાની જાહેરાત થતા બજારમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. પી એમ ની જાહેરાત બાદ નાગરિકો એ ટી એમ મશીન તરફ દોડી જતા દરેક એ ટી એમ સેન્ટર પર પૈસા જમા કરાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ઠંડીની જમાવટ : પારો ૧૩ ડિગ્રી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીએ પગદંડો જમાવવાનો શરૂ કરી દીધો છે. લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટતા શહેરીજનો હવે દિવસે પણ ઠંડી અનુભવી રહ્યા છે. ઠંડીએ હવે જમાવટ શરૂ કરી દીધી છે.

નવેમ્બર માસના પ્રારંભે જ ઠંડી જમાવટ કરી રહી છે. શહેરીજન હવે ગરમવસ્ત્રોમાં વીંટળાયેલા નજરે ચઢી રહ્યા છે. છેલ્લા બે દિવસથી

ગરમવસ્ત્રો ખરીદવા હવે ભીડ જામતી જાય છે

લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ ફરી રહ્યું હોવાથી ઠંડીની અસર વધુ વર્તાઈ રહી છે. સાંજ પડતાં જ ઠંડીનું ચક શરૂ થઈ જાય છે. વૃક્ષ આચ્છાદિત ગાંધીનગરમાં ઠંડીની અસર વધુ વર્તાય છે. ગુજરાતના સૌથી વધુ ઠંડા શહેરોમાં ગાંધીનગરનું નામ સૌથી ટોચ પર રહ્યું છે. ઠંડકના કારણે શહેરના આંતરિક માર્ગો સાંજ પડતાં જ સુમસામ થઈ જાય છે. વસાહતીઓ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વહેલી સવારે પણ ધુમ્મસભર્યા વાતાવરણ સાથે વાતાવરણમાં ઠંડક જોવા મળે છે. મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી રહેતા દિવસ હજુ હુંફાળો રહે છે. જો કે ઘરમાં ઠંડકનો અનુભવ ચોકકસ થાય છે. આગામી બે ત્રણ દિવસમાં હજુ વધુ ઠંડી પડવાની આગાહી વ્યકત કરવામાં આવી છે.

ગરીબ દર્દીઓને ઓછા ભાવે દવા મળે તે માટે દીનદયાળ વ્યાજબી ભાવની દુકાનની યોજના

દેવદીવાળીએ યોજનાનો શુભારંભ કરાશે : પ્રથમ તબક્કામાં ૫૦ સ્ટોર શરૂ કરાશે : બીજા તબક્કામાં રાજ્યમાં ૫૦૦ સ્ટોર શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં ગરીબ દર્દીઓને ઓછા ભાવે જેનેટીક દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારે દીનદયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનો કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. તેવી જાહેરાત રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ કરી હતી.

આ અંગેની વિગતો આપતા રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ દર્દીઓને વર્ષ ૨૦૧૫થી આ યોજના અમલમાં મુકી છે. આ યોજનાને અનુલક્ષીને ગુજરાત સરકારે દીનદયાળ વાજબી ભાવની દવાની દુકાનની યોજના અમલમાં મુકી છે.

તેમણે જણાવ્યુ હતું કે આ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં જિલ્લાની મોટી હોસ્પિટલ સંસ્થાઓ ખાતે ૫૨ જેટલા દીનદયાળ વાજબી ભાવની દવાની દુકાન શરૂ કરવાના છે. આ સ્ટોર ૨૪X૭ કલાક કાર્યરત રહેશે. શરૂઆતના તબક્કે ૧૦૦૦ જેટલી દવાઓ પુરી પાડવામાં આવશે જેમાં આશરે ૫૦૦ જેટલી એસેન્સીયલ ડ્રગ લીસ્ટ (ઈ.ડી.એલ.) મુજબ તથા બાકીની ઈ.ડી.એલ. સિવાયની દવાઓ ફાળવવામાં

● અનુસંધાન પાન-૭ પર

ઈન્દ્રોડા અને સે-૨ના અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લેતુ મિશન

મેલેરિયા, ટી.બી., કવોલીટી સહિતના વિવિધ પ્રોગ્રામોની પણ સમીક્ષા કરી : દહેગામમાં દવાયુકત મચ્છરદાનીનું વિતરણ કરી 'ટીમ ગાંધીનગર' ને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના અર્બન હેલ્થ સેન્ટર સે-૨ તેમજ ઈન્દ્રોડા ખાતે મમતા દિવસની ઉજવણી, દહેગામના અંતરિયાળ વિસ્તારની આરોગ્ય સેવાઓ તેમજ જિલ્લામાં મેલેરિયા, ટી.બી., રોગ નિયંત્રણની કામગીરી સહિતની બાબતો આજે કોમન રિવ્યુ મિશનની ટીમે ચકાસી

હતી.

આજે પણ ત્રણ જેટલી ટીમોમાં મિશનની ટીમ વિભાજીત થઈ ગઈ હતી. એક ટીમે ઈન્દ્રોડા ખાતે મમતા દિવસની ઉજવણી કેવી રીતે થાય છે તે જોયું હતું. ટીમની આ મુલાકાત દરમિયાન કોકલીયર ઈમ્પ્લાન્ટની સફળ શસ્ત્રક્રિયા કરાયેલ બાળકની પણ મુલાકાત લઈ તેના માતા પિતા સાથે સંવાદ કર્યો હતો.

ટીમે સે-૨માં આવેલા અર્બન હેલ્થ સેન્ટરની પણ ચકાસણી કરી હતી. જયાં ટીમે ત્યાં અપાતી સેવાઓની ઝીણવટભરી ચકાસણી કરી હતી.

બીજી ટીમે ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે જિલ્લામાં આરોગ્ય તંત્રના વિવિધ પ્રોગ્રામ અંગેની સમીક્ષા અને ચકાસણી કરી હતી. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીએ ૩૭ જેટલી સ્લાઈડમાં કેવી રીતે કામગીરી થઈ રહી છે તેની વિગતો આપી હતી.

જિલ્લા મેલેરિયા અધિકારીએ પણ જિલ્લો રાજયમાં સ્પ્રે મુકત જિલ્લો બન્યો છે તેની જાણકારી સાથે આર.ટી. કાર્ડ, દર્શાવી પેશન્ટને અપાતી રોજેરોજની સારવાર, દર્દીનું લેવાતું ફોલોઅપ, એબેટ ડેની ઉજવણી, ડ્રાય ડેની ઉજવણી એન્ટી લારવેલની કામગીરી કરવા સહિતની વિગતો આપી હતી.

જિલ્લામાં ટી.બી., રકતપિત્ત અંગેની વિગતો પણ ટી.બી. અધિકારીએ વિસ્તૃત રીતે આપી હતી અને લેવામાં આવી રહેલાં

● અનુસંધાન પાન-૭ પર



Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com